

## ...ય પંથકમાં વસતા ...દાન માટે લાઈનો

...ચાયતની સામાન્ય ચૂંટણી પૈકી ૪ ગ્રામ ...ાયતની ચૂંટણી શાંતિમય વાતાવરણમાં ...માં લોકોએ મતદાન કર્યું હતું. પોરબંદર ...તદારોએ મતદાન માટે લાઈનો લગાવી

(તસવીરઃ જીજ્ઞેશ પોપટ)

...જેટલો વરસાદ નોંધાયો છે જેના કારણે ચારે બાજુ વરસાદી પાણી ભરાઈ ગયા છે. એટલું જ નહીં પરંતુ પોરબંદર થી માધવપુર સુધીની દરિયાઈ પટ્ટી ઉપર વ્યાપક ચારથી પાંચ ઇંચ વરસાદ વરસતા અનેક ગામડાઓ ના ખેતર વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ખાસ કરીને ઘેડ પંથક રકાબી આકારનો હોવાથી ત્યાં વરસાદી પાણી ને લીધે ખેતરો ડૂબવા મંડ્યા છે.

તે ઉપરાંત કુતિયાણા તથા તેની આજુ બાજુ ના વિસ્તાર અને કુતિયાણાના ઘેર પંથકમાં સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે. તો રાણાવાવ અને આદિત્યાણા સહિત બિલેશ્વર અને હનુમાનગઢ તેમજ બરડા ડુંગરની આજુબાજુના વિસ્તારમાં પણ બે ઇંચ થી વધુ વરસાદ ચુક્યો છે. પોરબંદર શહેર અને તેની આસપાસના વિસ્તારમાં પણ મોદી સાંજ સુધીમાં દોઢ ઇંચ વરસાદ વરસી ચુક્યો છે.

### મોસમનો કુલ વરસાદ

મોસમ ના કુલ વરસાદના આંકડા જોઈએ તો પોરબંદર જિલ્લામાં સૌથી વધુ પોરબંદર તાલુકામાં ૧૨૫ મિલિમીટર એટલે કે પાંચ ઇંચ વરસાદ નોંધાયો છે જ્યારે બીજા ક્રમે કુતિયાણા તાલુકામાં ૧૧૭ મિલિમિટર એટલે કે સાડા ચાર ઇંચ વરસાદ નોંધાયો છે જ્યારે રાણાવાવ તાલુકામાં ૯૬ મિલી મીટર એટલે કે અંદાજે ચાર ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

# પોરબંદરમાં મિત્રો સાથે બેસેલા યુવાનનું અચાનક નીપજ્યું મોત

## ઓટલા ઉપર વાતો કરતો હતો ત્યારે માથું નમાવીને નીચે પડી જતા હોસ્પિટલે લઈ જવાયોઃ હૃદયરોગના હુમલાથી નિધન થયાનું થયું જાહેર

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર,તા.૨૨

પોરબંદરમાં મિત્રો સાથે ઓટલા પર બેસીને વાતો કરી રહેલ યુવાન અચાનક માથું નમાવીને નીચે પડી જતા હોસ્પિટલે લઈ જવાયો હતો જ્યાં તેનું હૃદય રોગના હુમલા થી મોત થયાનું જાહેર થતાં પરિવાર ઉપર વજ્રઘાત થયો છે. પોરબંદરના પેરેડાઇઝ વિસ્તારમાં રહેતા નિલેશ પ્રેમજીભાઈ પાંજરી દ્વારા કીર્તિ મંદિર પોલીસ મથકમાં એવું જાહેર કરવામાં આવ્યું છે કે પોરબંદરના છાયા ચોકીથી નિરમા ફેક્ટરી તરફ જતા રસ્તે હાઉસિંગ બોર્ડ કોલોનીના ક્વાર્ટર માં રહેતો ઉમેશ હીરાલાલ વાંદરીયા નામનો ૪૫ વર્ષનો યુવાન તારીખ ૨૧/ ૬ ના ખારવા વાડ માં આવેલા નાની રાંદલ મંદિર પાસે તેના મિત્રો સાથે ઓટલા ઉપર બેઠો હતો અને અચાનક જ માથું નમાવીને નીચે પડી જતા કપાળ અને નેણ તથા નાક અને મોઢાના ભાગે ઇજા થઈ હતી આથી તેને સારવાર માટે હોસ્પિટલે લઈ જવાયો હતો ત્યાં તેનું હૃદય રોગના હુમલાથી મોત થયાનું જાહેર થયું છે આગળની તપાસ કીર્તિ મંદિર પોલીસ ચલાવી રહી છે.



...રા પ્લાસ્ટિકની કોથળીનું ચેકીંગ અને ...પાસ હાથ ધરવામાં આવી હતી.

(તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# ...વેપારીઓ સામે ...દંડની કાર્યવાહી

## ...સ્ટિકની પ્રતિબંધિત થેલી મળી ...નિયમનો કર્યો હતો ઉલાળીયો

ઇન્સ્પેક્ટર વિજયભાઇ ઠકરાર તથા સેનીટેશન સબ ઇન્સ્પેક્ટરોની ટીમ દ્વારા દિવસ દરમિયાન પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચતા વેપારીઓને ત્યાં ચેકિંગ કરા ૧૨૦ માઇક્રોનથી ઓછી માઇક્રોનવાળી બેગ(ઝબલા) ગ્રાહકને આપતા હોય તેવા ૧૬ વેપારીઓને ત્યાં વહીવટીચાર્જ રૂ. ૧૮,૫૦૦નો દંડ વસૂલ કરી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ૯૨૦ કિલો જમ કરેલ છે.

પોરબંદર મહાનગરપાલિકાની ફૂડ શાખાની ટીમ દ્વારા શહેરના જી.ઇ.બી. ઓફિસ પાસે ફાયર બ્રીગેડ રોડ નવયુગ વિદ્યાલય પાસે એસ.વી.પી. રોડ વિસ્તારમાં નાસ્તાગૃહ, ભોજનાલય, બેકરીશોપ, રસલારી, સોડાશોપ, ઠંડાપીણા, મીઠાઇ, ફરસાણ વગેરેનું વેચાણ કરતા ધંધાર્થીઓની દુકાન લારીમાં ચેકીંગ કરવામાં આવેલ તેમજ ફૂડ સેફટીના નિયમોનું પાલન કરવા સુચના આપવામાં આવેલ છે અને આ ધંધાર્થીઓના ચેકીંગ કરતા ફૂડ સેફટી એકટ અન્વયે જરૂરી લાયસન્સ, રજીસ્ટ્રેશન વિનાના ધંધાર્થીઓને નોટીસ આપવામાં આવેલ. ચેકીંગ દરમ્યાન ફૂડ સેફટીના નિયમોનું પાલન ન થતા હોય તેવા કુલ ૧૦ ધંધાર્થીઓ પાસેથી રૂા. ૫૦૦૦નો વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ છે.



કુતિયાણાની સુદામા ડેરી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ચેરમેન ડો. આકાશ રાજશાખા સહિત મેનેજીંગ ડિરેકટર અને ડિરેકટર ઉપરાંત કર્મચારીઓએ યોગ કર્યા હતા ત્યારની તસ્વીર. (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# કુતિયાણાની સુદામા ડેરી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો

## આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ અને વિશ્વ યોગ દિવસની 'યોગ સંગમ' દિવસ તરીકે થઇ ઉજવણી

## ચેરમેન, મેનેજીંગ ડિરેકટર સહિત બોર્ડ ઓફ ડિરેકટર અને કર્મચારીઓએ કર્યા યોગ

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર,તા.૨૨

કુતિયાણાની સુદામા ડેરી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ચેરમેન ડો. આકાશ રાજશાખા સહિત મેનેજીંગ ડિરેક્ટર અને ડિરેક્ટર ઉપરાંત કર્મચારીઓએ યોગ કર્યા હતા.

આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'યોગ સંગમ' તરીકે ઉજવવા અન્વયે, સુદામા ડેરી, કુતિયાણા પેકીંગ પ્લાન્ટ ખાતે યોગ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'ના વિચાર સહકાર ક્ષેત્રે જોડાયેલ દરેક વ્યક્તિ સુધી યોગ પહોંચે અને તેમના શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સુખાકારીમાં વધારો થાય તે ઉદેશ ધ્યાનમાં રાખી આ કાર્યક્રમ સવારે ૬:૩૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ. જેમાં સુદામા ડેરીના ચેરમેન ડો. આકાશ રાજશાખા, મેનેજીંગ ડિરેક્ટર શ્રીકાંતભાઇ ભટ્ટ, ડિરેક્ટર ભરતભાઇ બોખીરીયા સહિત અન્ય બોર્ડ ઓફ ડિરેક્ટરો તથા સહકારી ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ, પશુપાલકો તેમજ સહકાર સાથે જોડાયેલ તમામ સભ્યોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

યોગ માર્ગદર્શન માટે ખાસ ઉપસ્થિત યોગશિક્ષકો ડો. વી.આર. ગોઢાણીયા યોગ કોલેજના ડિરેક્ટર જીવાભાઇ ખૂંટી, 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનના કો-ઓર્ડિનેટર અને મોકર સરકારી આયુર્વેદ હોસ્પિટલના ડો. જયદીપ લાખાણી તેમજ કુતિયાણા તાલુકાના યોગકોચ ખીમાભાઇ મારુના ખાસ માર્ગદર્શન હેઠળ વિવિધ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની પ્રવૃત્તિ કરાવવામાં આવી. કાર્યક્રમ દરમ્યાન યોગશાસ્ત્રના તાત્વિક પાસાઓ તેમજ દૈનિક જીવનમાં યોગના મહત્વ વિશે ઉપસ્થિતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ યાદગાર ઉજવણી સફળ બનાવવામાં હાજર રહેલા તમામનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.



પોરબંદરનાં વતાણામાં આવેલ યાજ્ઞવલ્કય વિદ્યા મંદિર યોગ દિવસ અંતર્ગત ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી હતી. બાલ મંદિરથી ધોરણ ૧ ૨ના વિદ્યાર્થીઓએ યોગનું મહત્વ અને ફાયદા ઉજાગર કરતા ચિત્રો દોર્યા હતા.

## તન, મન પરથતી યોગાસનની અસર વિશે માહિતી




પોરબંદરનાં સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા યોગ દિવસની ઉજવણી કરવામાં આવતા સ્થાનિકી ઉમટી પડ્યા હતા. યોગનું મહત્વ સમજાવી કાર્યક્રમમાં વિવિધ યોગાસનો કરાવી દરેક આસનની તન અને મન પર થતી અસર અંગે સમજણ આપવામાં આવી હતી.

## દૈનિક જીવનમાં યોગના મહત્વની સમજણ અપાઈ



કુતિયાણાની સુદામા ડેરી ખાતે આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ અને વિશ્વ યોગ દિવસની યોગ સંગમ દિવસ તરીકે ઉજવણી થઈ હતી. યોગ શિક્ષકો દ્વારા વિવિધ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. તેમજ દૈનિક જીવનમાં યોગના મહત્વને વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## રાણાવડવાળાની શાળામાં વિદ્યાર્થીઓનો યોગાભ્યાસ



પોરબંદરથી પ્રસિધ્ધ....

દ્વારકાથી દીવ દરિયાઇ પટ્ટીનું એક માત્ર અનોખું અખબાર

# ખબર જગત

सत्यं मम आयुधम् अस्ति ।

જયેશ વી. જોષી
તંત્રી-માલિક
મુદ્રક-પ્રકાશક

તા.૨૨-૦૬-૨૦૨૫, રવિવાર

'ખબર જગત' સાથે જોડાવા માટે
નંબર ૬૩૫૧૬ ૭૭૯૧૭ પર HI લખી મોકલો

RNI No : GUJGUJ/2021/80622 | ખબર મીડિયા હાઉસ, હરેક્રિષ્ના કોમ્પલેક્ષ, હોસ્પિટલ રોડ, પોરબંદર | Khabar Jagat | khabarporbandar@gmail.com

# સુદામા ડેરીના પેકિંગ પ્લાન્ટ - કુતિયાણામાં યોગ દિવસ 'યોગ સંગમ' તરીકે ઉજવાયો

**ખબર જગત**
**પોરબંદર**

અંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ (IYC-2025) તથા ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'યોગ સંગમ' તરીકે ઉજવવામાં આવ્યો. સુદામા ડેરી, કુતિયાણા પેકિંગ પ્લાન્ટ ખાતે યોગ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'ના વિચાર સહકાર ક્ષેત્રે જોડાયેલ દરેક વ્યક્તિ સુધી યોગ પહોંચે અને તેમના શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સુખાકારીમાં વધારો થાય તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી આ કાર્યક્રમ સવારે








૦૬:૩૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ હતો. જેમાં સુદામા ડેરીના ચેરમેન ડો. આકાશ રાજશાખા, મેનેજીંગ ડિરેક્ટર શ્રીકાંતભાઈ ભટ્ટ, ડિરેક્ટર ભરતભાઇ બોખીરિયા સહિત અન્ય બોર્ડ ઓફ ડિરેક્ટરઓ તથા સહકારી ક્ષેત્રમાં કામ કરતાં કર્મચારીઓ, પશુપાલકો તેમજ સહકાર સાથે જોડાયેલ તમામ સભ્યોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

યોગ માર્ગદર્શન માટે ખાસ ઉપસ્થિત યોગશિક્ષકો - ડો. વી. આર. ગોધાણિયા યોગ કોલેજના ડિરેકટર જીવાભાઇ ખૂંટી, 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનના કો-ઓર્ડિનેટર અને મોકર સરકારી આયુર્વેદ હોસ્પિટલના ડો. જયદીપ લાખાણી તેમજ કુતિયાણા તાલુકાના યોગ કોચ ખિમાભાઈ મારૂના ખાસ માર્ગદર્શન હેઠળ વિવિધ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. કાર્યક્રમ દરમિયાન યોગશાસ્ત્રના તાત્વિક પાસાઓ તેમજ દૈનિક જીવનમાં યોગના મહત્વ વિશે ઉપસ્થિતોને માર્ગદર્શન આપવામાં આવેલ. આ યાદગાર ઉજવણી સફળ બનાવવામાં હાજર રહેલ તમામનો એક યાદીમાં હ્રદયપૂર્વક આભાર વ્યકત કરેલ છે.

મલ્ટી બ્રાન્ડ શો-રૂમ
ભવાની
શુટીંગ-શર્ટીંગ
Raymond

RAYMOND જોડી ફક્ત રૂા. ૮૨૯/-
વ્યાજબી ભાવે પેન્ટ પીસ તથા શર્ટ પીસમાં નવી વેરાયટી આવેલ છે. તથા લેવા દેવા માટેની જોડી વ્યાજબી ભાવે મળી રહેશે.
ઈકોનોમીક રેન્જમાં શુટીંગ-શર્ટીંગમાં તદ્દન નવી પ્રિન્ટ આવેલ છે.
(AC શો-રૂમ) શોપ નં. ૧૬-૧૭, રાણીબાગ લાઇન, હનુમાન મંદિર સામે, પોરબંદર.

સોરઠ
સત્ય, નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
આજ તક
FAST NEWS
R. No. : GJ-19-0004461








અંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ (IYC-2025) તથા 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ "યોગ સંગમ" તરીકે ઉજવવા અન્વયે, આજે સુદામા ડેરી, કુતિયાણા પેકિંગ પ્લાન્ટ ખાતે યોગ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમ સવારે 06:30 વાગ્યે શરૂ કરવામાં આવેલ, જેમાં સુદામા ડેરીના માનનીય ચેરમેન ડૉ. આકાશ રાજશાખા, મેનેજીંગ ડિરેક્ટરશ્રી શ્રીકાંતભાઈ ભટ્ટ, ડિરેક્ટરશ્રી ભરતભાઇ બોખીરિયા સહિત અન્ય બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ તથા સહકારી ક્ષેત્રમાં કામ કરતાં કર્મચારીઓ, પશુપાલકો તેમજ સહકાર સાથે જોડાયેલ તમામ સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.યોગ માર્ગદર્શન માટે- ડૉ. વી. આર. ગોઢાણિયા યોગ કોલેજના ડિરેક્ટર શ્રી જીવાભાઇ ખૂંટી, 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનના કો-ઓર્ડિનેટર અને મોકર સરકારી આયુર્વેદ હોસ્પિટલના ડૉ. જયદીપ લાખાણી તેમજ કુતિયાણા તાલુકાના યોગ કોચશ્રી ખિમાભાઈ મારુ ઉપસ્થિત રહેલ.

